ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*અનામત-ઓબીસી કાઢવા કોઈનો વિચાર છે,*
*એના માટે કોઈ છૂપો, દિલ્લીથી દોરી-સંચાર છે,*
*આચારમાં મૂક્યો વિચાર શરુઆત ગુજરાતથી -*
*પડ્યા પાસા ઉંધા હવે તો સત્તા પણ લાચાર છે.*

હાઈકુ

*ગુજરાતમાં*
*ફાટ્યું લાંચ રૂસ્વતનું*
*લ્યો! બોઈલર...!*
*(તંત્ર બેકાબૂ)*

*રમાડે ખોખો,*
*પટેલ-પોલીસને,*
*રાખે દોડતાં..*
*(ગૃહ વિભાગ)*

### ચિંતન

**શુભમ્ લબ્ધવા ન હૃષ્યતે કુપ્યેલ્લબ્ધવા શુભં નહિ । દ્વંદ્વેષુ સમતા યસ્ય જ્ઞાનવાનુચ્યતે હિ સઃ ॥**

જે શુભ વસ્તુઓ, સારા પ્રસંગો-સુખ વગેરેમાં હર્ષ પામીને ખીલી નથી ઉઠતો આનંદથી ઉભરતો નથી, અશુભ, માઠા-દુઃખના પ્રસંગોમાં વિચલિત થતો કે ક્રોધિત થઈ જતો નથી પરંતુ સુખના કે દુઃખના પ્રસંગોમાં કે તમામ દ્વંદ્વમાં સમભાવ રાખે છે તે જ 'જ્ઞાનવાન' કહેવાય છે.

આજના બાબા-બાપુઓ, મા-માતાજીઓ-ગુરુમાંઓ બોધ આપવામાં અતો જરાય ચૂક કરતાં નથી. શાસ્ત્રો-પુરાણો-ઉપનિષદોમાંથી મંત્રો-શ્લોકો વગેરે મુખપાઠ-સંદર્ભ આપી શ્રોતાઓને વકતવ્યથી પ્રભાવિત કરી શકે છે.

પરંતુ જયારે આ બધાં 'જ્ઞાન'નો પોતાના જીવનમાં પાલન કરવાનો - આચરણમાં મૂકવાનો સમય આવે ત્યારે પાણીમાં બેસી જાય છે. મોહ-માયા અને મમતાની લપસણી ધરતી પર પોતાની જ પોતાના દ્વારા સમતુલા રહેતી નથી - લપસી જાય છે.

પ્લોટો-મકાનો-કરોડો-અબજોમાં ખૂંપી જાય છે.

સાચો 'જ્ઞાનવાન' જ્ઞાનને આચરણમાં મૂકી બધાં જ દ્વંદ્વથી પર થઈ જાય એ છે.

### સુવિચાર

- વિશ્વાસ કરવા ને હજી લાયક થયો નથી, બસ એ જ કારણે હજી એ માણસ થયો નથી - **જીજ્ઞા ત્રિવેદી**
- બીજા શું કરે છે, તે સામે ન જોવું પણ મારી ફરજ શી છે
  તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર મહાન બને છે - **અખંડ આનંદ**
- જિંદગી પાસે ઝાઝી અપેક્ષા રાખવી નહીં,
  જિંદગી એ વાવણીનો સમય છે લલણીનો નહીં - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ભલાઈ-પ્રેમ રબરના દડા સમાં કહેવાય...
  એ વેગે પાછા ફરે જે વેગે ફેંકાય... - **દિનેશ મોદી**
- પ્રેમ કા બીજ જબ જ્ઞાન કી ભૂમિ પર પડતા હૈ, તબ ઉસમેં
  સમર્પણ કા ફુલ લગતા હૈ ઔર ભક્તિ કા ફળ લગતા હૈ - **વલ્લભાચાર્ય**
- માણસનું હૃદય અક્ષયપાત્ર બની શકે છે...
  પણ માણસ તો એ નો ઉપયોગ ભિક્ષાપાત્ર તરીકે જ કરે છે - **રજનીશ** **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

માનવી તપોબળ, જપ-ધ્યાન, વિદ્યા-અભ્યાસ (મેલી-તાંત્રિક વગેરે)થી સિદ્ધિઓ પ્રાપ્ત કરી લે છતાં ય સાચા સંતને સદાય-ક્ષણે ક્ષણે જાગૃત રહેવું જ પડે છે. ભક્તિ-શ્રદ્ધાનો ત્યાગ કરતા નથી અમને ખબર છે સંસારિક ભૂમિ લપસણી છે કયારે, કોણ કેવી રીતે લપસી પડે, એ કંઈ કહેવાય નહીં.

તપોવનમાં અધિષ્ઠાતા આચાર્યના એકના એક તરૂણ પુત્રનું અવસાન થયું. ગુરુજી પુત્રશોકમાં ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. રોક્કળ તો કરી જ પણ ખાવા-પીવાનું પણ ભાન ભૂલી ગયા. સ્વભાવ ઉપર પણ અસર થવા લાગી. ગાંભીર્યની મર્યાદા ન રહી.

એક સત્સંગ સભામાં થોડા દિવસ પછી, એક શિષ્યએ, ગુરુજીને-પૂછી જ લીધું - ગુરુજી! આપ તો જ્ઞાની છો. જન્મ-મૃત્યુ વિશે આપને ઊંડુ જ્ઞાન છે, છતાં ય પુત્રશોક વખતે આપ આટલા બધા વિચલિત કેમ થઈ ગયા?

ગુરુજીએ મ્લાન-સ્મિત સાથે કહ્યું, પુત્ર! જ્ઞાન, અજ્ઞાનના અભાવમાંથી જન્મે છે. અંધકાર હોય જ છે પછી પ્રકાશની જાણ થાય છે. જે સારો બોધ આપે અને 'ખરાબ'ની ખબર જ હોય છે. માટે જ શાસ્ત્રોમાં સુખ-દુઃખથી જ્ઞાન-અજ્ઞાનથી 'પર' થઈ જવા કહ્યું છે. જયારે માનવી આવા દ્વંદ્વથી પર થાય ત્યારે જ 'પરમ જ્ઞાની' થઈ શકે.

# પાટીદારોની એકતા શાસક પક્ષને મૂંઝવી રહી છે

## તંત્રીસ્થાનેથી....

પાટીદાર આંદોલનનું જોર સમય જતાં શમી જશે, એવી ધારણા ખોટી પડી છે, હાર્દિક પટેલ અને લાલજી પટેલ જેવા સાવ જ અજાણ્યા અને અણઘડ આગેવાનોમાં આખા ગુજરાતનો સમૃદ્ધ અને સુશિક્ષિત પાટીદાર સમાજ આંધળો વિશ્વાસ મૂકે, એ વાત જ સરકારી તંત્રથી લઈ આમ જનતા માટે ગળે ઉતારવી અઘરી હતી. જીએમડીસી ગ્રાઉન્ડ પર મહારેલીના સમાપન બાદ ઝરેલા તણખાથી એકાએક આગ જરુર ભભૂકી હતી પરંતુ એમાં પાટીદાર સમાજને જ નુકશાન ભોગવવું પડ્યું હતું. શાણા માણસોએ આ આગને ઠારવાના પ્રામાણિક પ્રયાસો પણ કર્યા, પરંતુ આ ઘટનાએ સમગ્ર ગુજરાતના પાટીદાર સમાજને એક તાંતણે બાંધવા ઉપરાંત રાજયની ભાજપ સરકાર સામે અસહકારના આંદોલનનો સૂત્રપાત કરી દીધો. પુરુષોત્તમ રૂપાલા જેવા વરિષ્ઠ પાટીદાર અગ્રણી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતાને રીતસર લબડ ધક્કે લેવાયા, રજનીકાંત પટેલ રાજય કક્ષાના ગૃહમંત્રી હોવા છતાં પોલીસ એમને પાછલે બારણેથી આવવા-જવાની સલાહ આપે, શંકર ચૌધરી તો પાછા ઓબીસી અનામતમાં સમાવાયેલી આંજણા ચૌધરી જ્ઞાતિના પ્રતિનિધિ, એથી પાટીદાર સમાજ એમને જુદી નજરે જુએ - આ બધું એવા તબક્કે બની ગયું કે એથી સરકાર અને શાસક પક્ષ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. મહિલા પાટીદાર મુખ્યમંત્રી માટે એમની કારકિર્દીની આકરી કસોટીનો સમયગાળો ચાલી રહ્યો હોય એવી પરિસ્થિતિ સરજાઈ છે. પાટીદાર અનામત આંદોલન ધીમું પડવાને બદલે નવી ઊર્જા સાથે વધુ તાકાતવાન બની રહ્યું છે. મહિલાઓ મોટી સંખ્યામાં મેદાનમાં આવી ગઈ છે. એમને કોઈ રાજકીય દબાણથી અંકુશમાં લઈ શકાય એમ નથી. આખો જન સમુદાય જે રીતે અનામત મુદ્દે એક સૂત્રમાં જોડાઈ રહ્યો છે. તે જોઈને તંત્ર પણ ડઘાઈ ગયું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં શાસક પક્ષની બાંધી મૂઠી ખૂલી જવાની દહેશત સેવાઈ રહી છે. પાટીદારોએ બેન્કોમાંથી થાપણો ઉપાડી લઈને સરકાર માટે નવી મુસીબત ઊભી કરી છે. સામે ઓબીસી સમુદાય પણ સળવળી રહ્યો છે, જે ભાવિ વર્ગવિગ્રહની એંધાણી છે. ભૂતકાળનાં અનામત આંદોલનો કરતાં આ આંદોલનની તાસીર જુદી છે. માધવસિંહ સોલંકીએ ઓબીસી માટે ૨૭ ટકા અનામત આપી ત્યારે જે આંદોલન થયેલું તે મહદંશે મોટા શહેરો એમાં પણ સવિશેષ અમદાવાદ પૂરતું સીમિત રહ્યું હતું. એમાં સવર્ણો સામે પછાત વર્ગોની લડાઈ હતી. આંદોલન પર અનિષ્ઠ તત્ત્વોએ કબજો જમાવી દીધો હતો અને સત્તાધારી કોંગ્રેસની રાષ્ટ્રીય નેતાગીરી ચિંતામાં મુકાઈ ગઈ હતી. ગુજરાતના મુખ્યમંત્રી પદેથી માધવસિંહ સોલંકીનું રાજીનામું લઈ લેવાયું હતું. જો કે, પાટીદાર આંદોલન ગમે તેટલું વ્યાપક બને તો પણ આનંદીબેન પટેલને આંચ આવવાની નથી, તે સૌ જાણે છે... છતાં એથી શાસક ભાજપને ભારે ઘસારો પહોંચી રહ્યો છે, એ હકીકત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બિહારની ચૂંટણી જીતી લેવામાં રસ છે. જરા જુદા સંદર્ભે, ગુજરાત લેતાં હવેલી ખોવાનો વારો ન આવે, તેનું શાસક પાર્ટીએ ધ્યાન રાખવું પડશે. સરકાર પાટીદારો સામે બળપ્રયોગ કરતં સત્તર વાર વિચારશે. કારણ કે જીએમડીસી ગ્રાઉન્ડની ઘટનાથી પડેલા પડઘા હજી શમ્યા નથી. હાર્દિક પટેલને હેસિયત મુજબ વેતરી નાખવામાં પણ તંત્ર અને શાસક પક્ષને સરિયામ નિષ્ફળતા સાંપડી છે. હવે એ પાટીદાર એકતા યાત્રા કાઢીને સુપરસ્ટાર બનવાની દિશામાં આગળ ધપી રહ્યો છે. આર.એસ.એસ. પણ હાર્દિકના વધી રહેલા કદથી ચિંતિત છે, કારણ કે આખરે તો પાટીદારોના આંદોલનથી રાજયમાં નામશેષ બની ગયેલી કોંગ્રેસની તરફેણમાં ઓબીસી સમાજનું ધ્રુવીકરણ શરુ થઈ ગયું છે.

# વિચારણાને અંતે કુટુંબની આર્થિક, સામાજિક બાજુને ધ્યાને રાખી, સીમાએ પોતાના પ્રેમનું બલિદાન આપી, લીલાની જગ્યાએ ગોઠવાઈ જવાનો 'ભારે હૈયે' નિર્ણય લીધો

## ભારે હૈયે




ભાવનગર જીલ્લાના ઘોઘા તાલુકાના કાનજીકાકા રહે છે. કુટુંબમાં ધર્મપત્ની તથા બે દીકરીઓ નામે લીલા અને નાની સીમા. બંનેમાં ફક્ત ત્રણ વર્ષનો ગાળો છે. કાનજીકાકા થોડી ઘણી ખેતરાઉ જમીનમાં શક્તિ મુજબ અનાજ પકવે છે. જે પોતાના કુટુંબ પુરંતુ જ મર્યાદિત રહે છે. ગામની નિશાળમાં મોટી દીકરી લીલાએ સાત ચોપડી સુધી જ અભ્યાસ કર્યો છે તેથી લખતાં- વાચવાનું જ્ઞાન ધરાવે છે, જયારે નાની સીમા ભણવામાં સાધારણ છે, અભ્યાસમાં રૂચિ છે. તેથી દસ ધોરણ પાસ કરી, પીટીસીનો અભ્યાસ કરે છે.


સમય પસાર થતો જાય છે તેમ તેમ બંને દીકરીઓ પુખ્યવયની થતી જાય છે. ગામને ગામમાં રહેતા ગણપતની સાથે બહુ જ સાદાઈથી લીલાના લગ્ન લેવાય છે. નાની દીકરીને આર્થિક મુશ્કેલીનો ખ્યાલ આવી જતાં, ભાવનગર શહેરની ખાનગી સ્કૂલમાં ઉચ્ચક પગારની શિક્ષિકા તરીકેની નોકરી સ્વીકારી લે છે. આમ કાનજીકાકાને નાની દીકરીની આર્થિક સહાય મળવા લાગે છે. દરરોજ ઘોઘાથી ભાવનગર શહેર, બસ દ્વારા આવવા-જવાનું થતાં તેમજ સીમા જે સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. તેની બરોબર નજીકમાં સરકારી કન્યા શાળામાં નોકરી કરતાં લક્ષ્મણની સાથે પરિચય થાય છે, આગળ જતાં આંખો મળે છે, ત્યારબાદ દિલ મળતાં, કોઈ કોઈ વખત બગીચામાં, હૉટલમાં, સિનેમામાં, કે ભાવનગર શહેરને પાણી પુરું પાડતાં ગૌરીશંકર લેઈકના બગીચામાં મુલાકાત ગોઠવાય છે.

બીજી બાજુ સીમાની મોટી બહેનને ત્યાં દોઢ વર્ષની બાળકી છે તેની સાથે મસ્તી-તોફાન કરવાની મજા લેતાં, સીમા સાથે હેવાઈ થઈ જાય છે. મોટી બહેનને લગ્ન થસે, પાંચેક વર્ષ થયા હશે ને જીણો જીણો તાવ શરુ થાય છે. શરુઆતમાં ઘરઘથ્થું ઉપચાર થાય છે. પરંતુ ફેર ન પડતાં ભાવનગર શહેરના મોટા ડૉકટરને દેખાડવામાં આવતાં, એક્સ-રે, સોનોગ્રાફી વિગેરે રીપોર્ટ કરાવતાં, લિવરનું કેન્સર છે તેવું જાહેર થાય છે. કાનજીકાકા તેમજ લીલાના સાસરે જાણ્યા પછી વજ્રઘાત થાય છે. સારવારમાં જરાય પણ કચાશ રાખવામાં આવતી નથી. પરંતુ અસાધ્ય એવા રોગે લીલાનો સંસાર સમેલી લીધો. નાની દોઢ વર્ષની ઢીંગલી મા વિનાની થઈ ગઈ.

ગણપતના ઘરે શરુઆતમાં તો શોકનું વાતાવરણ પરંતુ વ્યક્તિ આંખ આગળથી દૂર થયા પછી ધીરે ધીરે ભૂલાઈ જાય છે તેવી જ રીતે ગણપતની નાની ઉંમર તેમજ દોઢ વર્ષની નાની ઢીંગલીને ધ્યાનમાં રાખતાં, ગણપત માટે બીજા લગ્નનું વિચારવામાં આવે છે. દૂર દૂર નજર દોડાવવામાં આવે છે પરંતુ અનુકૂળ થતું નથી. આખરે લીલાંની નાની બહેન અંગે વિચારણા થવા લાગી તેનું મુક્ય કારણ દોઢ વર્ષની ઢીંગલીને સીમા માસી સાથેની આત્મીયતા, આ સાંભળી સીમાને આંચકો લાગે છે. એક તરફ તેનો પ્રેમ અને બીજી તરફ ઢીંગલીની માયા. સીમા મુઝાય છે કે શું કરવું? પોતાના પિતા તથા માતાની ઈચ્છા છે કે સીમા, લીલાંની જગ્યાએ ગોઠવાય. આખરી નિર્ણય હવે સીમાએ લેવાનો છે.

ખૂબ જ વિચારણાને અંતે તેમજ કુટુંબની આર્થિક, સામાજિક બાજુને ધ્યાને રાખી, સીમાએ પોતાના પ્રેમનું બલિદાન આપવાનું તેમજ લીલાની જગ્યાએ ગોઠવાઈ જવાનો 'ભારે હૈયે' નિર્ણય લીધો. હાલમાં તે મને-કમને શેષ જીવન વ્યતીત કરી રહી છે.

# હિન્દુ સમાજની જ્ઞાતિ વ્યવસ્થાને સમજતા - સમજાવતા મોહનદાસ કરમચંદ ગાંધી



સામાજિક વિજ્ઞાનના પ્રમુખ ગણાતા શાસ્ત્ર એવા સમાજશાસ્ત્રએ વ્યક્તિની વિચાર, વલણ, માન્યતાઓ, પૂર્વગ્રહો વગેરે બાબતોના ઘડતર અને જડતર પાછળ સામાજિકીકરણ જવાબદાર હોવાનું તારવ્યું છે.

સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સામાજિકીરણ એટલે નવા જન્મેલ વ્યક્તિનું (બાળક) 'સામાજિક વ્યક્તિ' તરીકે ઘડતર કરતી પ્રક્રિયા અન્ય રીતે એમ પણ સામાજિકીરણને સમજાવી શકાય છે 'વ્યક્તિના પરિપેક્ષ્યમાં સામાજિકરણ એવી પ્રક્રિયા છે જેનાથી માનવપ્રામી (Human Animal) માનવ વ્યક્તિ (HUMAN BEING) બને છે અને 'સ્વ' પ્રાપ્ત કરે છે જયારે 'સમાજના પરિપેક્ષ્યમાં સામાજિકરણ નવી વ્યક્તિઓને (જન્મેલી વ્યક્તિઓને) જીવન પદ્ધતિ અને સ્થાપિત સાંસ્કૃતિક પરંપરામાં બંધબેસતી પ્રક્રિયા છે.

(* સમાજશાસ્ત્રી - કિંગ્સલે ડેવિસ Humam Society પુસ્તક, ** બ્રુમ અને સેલ્ઝનિક - Sociology)

લેખની શરુઆતમાં સમાજસાસ્ત્રના આધારે 'સામાજિકરણ'ને સમજાવવાના યત્ન વણિકમાંથી વૈશ્વિક બનેલા મો.ક. ગાંધીના જીવન કવન - અને વાણી વિચારને સમજાવવા અર્થે કર્યો છે. સામાજિકરણની સરળ સમજણ એવી સ્થળ-કાળ અને આસપાસના સામાજિક પરિ આવરણના આધારે વ્યક્તિ તેની ભૂમિકા અદા કરતો થાય છે. મુક્તમનની વિચારસરણી વ્યક્તિગતથી સમૂહગત સુધી વિસ્તરવાની બાબત માનવની મનોભાવ સપાટી પરથી સામાજિક વ્યવહારમાં અમલી બને છે. એ રીતે જોતા સામાજિકરણના આધારે ગાંધી તેમના સમગ્ર જીવન દરમિયાન સતત નવા વિચારો કે જેમાં સમાજનું ઈષ્ટ છે તે તરાસતા રહ્યા અને પ્રયોજતા રહ્યા હતા.

જાતિભેદના પાયા ઉપર હિંદુ સમાજની ઈમારત ટકી રહી છે એવા વિચારો જયારે તેમણે ૧૯૧૫ના વર્ષમાં આજથી સો વર્ષ પહેલા દર્શાવ્યા ત્યારે તેમણે પોતાની જ્ઞાતિમાં જ લગ્ન અને ભોજનમાં જ્ઞાતિ અંતરની વાત કરી હતી તેમાં કેટલાંક ચોક્કસ કારણો સાથે પોતાની વાત રજૂ કરી હતી. અને એક વખતે જ્ઞાતિની અંદર જ લગ્ન કરવા - અન્ય જ્ઞાતિ કે અમુક જ્ઞાતિની બહાર લગ્ન વ્યવહાર બંધ રાખવામાં સંયમ છે એવું સ્પષ્ટ માનનારા ગાંધીએ પણ સમય જતાં આંતરજ્ઞાતીય લગ્નો ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. પરંતુ સ્વરાજની લડત પ્રત્યેક જ્ઞાતિ પ્રત્યેક ભારતીયોના હૃદય સુધી પહોંચાડી તે સમયે તેમણે આંતર જ્ઞાતિ લગ્નો માત્ર ઉચ્ચ ગણાતી જ્ઞાતિ-જ્ઞાતિ કે નિમ્ન ગણાતી જ્ઞાતિ - જ્ઞાતિ વચ્ચે નહીં પણ વર્ણાશ્રમમાં જે રીતે ઉંચનીચનો ક્રમ દર્શાવ્યો છે તેમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટે સવર્ણ અને અસ્પૃશ્ય જ્ઞાતિજનો વચ્ચે લગ્ન સંબંધની તરફદારી કરી હતી. અને એ ત્યાં સુધી કે જો આવા લગ્ન ના થતા હોય તો તેમાં તેઓ ઉપસ્થિત નહીં રહે એમ જાહેર કર્યું હતું.

અને એ જાહેરાતને ત્યાં સુધી વણગી રહ્યા હતા કે મહાદેવ દેસાઈના પુત્ર નારાણય દેસાઈના લગ્ન તેમની જ અનાવિલ જ્ઞાતિની કન્યા સાથે થતાં હોઈ તેમનાં લગ્નમાં, તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા. બાપુના 'બચુડા' તરીકે ઓળખાયેલા નારાયણભાઈએ આ વાત કલ્ચરલ ફોરમે બેસાડેલી 'ગાંધીકથા' માં કહી હતી એ સ્મરણ ગાંધીનગરાઓને યાદ હશે!




મો.ક. ગાંધીએ ભોજન અને વિવાહ ઉપરાંત પણ બીજા લાભ જ્ઞાતિ સંસ્થામાં જોયા હતા. તેમાં તેમણે પ્રાથમિક શિક્ષણનું સાધન તૈયાર છે એવું જોયું છે. દરેક જાતિ પોતપોતાની જાતિના શિક્ષણની તજવીજ કરશે. તો આખું હિન્દુસ્તાન બહુ થોડા વખતમાં અગૂંઠાછાપની ઓળખમાંથી યે આઝાદી મેળવશે એવું સ્વપ્ન સેવેલું. ટૂંકમાં સ્વરાજ્ય સભા પાર્લામેન્ટની ચૂંટણીનું સાધન સહિત જ્ઞાતિ-જ્ઞાતિના અંદરોઅંદરના કે સામસામેના જ્ઞાતિ વિરોધ આંદોલનના સમાધાન ને જો લડાઈ સારું સૈન્ય તૈયાર કરવાનું હોય તો એ કામ જ્ઞાતિના સહારે કરવું સાવ સહેલું છે એમ તેઓ માનતા હતા.

મહાત્મા એવો ઉલ્લેખ કરે છે કે હિન્દુસ્તાનમાં જાતિ સંસ્થાનું મુળ એટલું ઊંડું પેઠેલું છે કે તેને ઉખેડવાના પ્રયત્નને બદલે તેમાં જ સુધારો કરવાનો પ્રયત્ન કરવો એ વધારે હિતકર છે એમ મને લાગે છે. આ વિચાર સામે કેટલાંક જો આ વિચાર બરાબર હોય તો જાતિ સંખ્યા જેટલી વધુ હોય તે સારું એમ દલીલ કરશે પણ આ દલીલ યોગ્ય નથી એમ સ્પષ્ટ કરતાં કહે છે, જાતિની ઉત્પત્તિ અને ક્ષયનો આધાર અમુક વ્યક્તિ કે સમૂહની ઈચ્છા ઉપર નથી. હિંદુ સમાજની જરુરિયાત મુજબ જાતિનો ક્ષય, ઉત્પત્તિ અને સુધારણા થતાં આવ્યા છે અને દશ્ય - અદશ્ય રુપમાં હાલ પણ થયાં કરે છે, હિંદુ જાતિ એ જડ નિર્જીવ સંસ્થા નથી. તે સજીવ સંસ્થા છે એમ મહાત્મા ગાંધી સમજાવે છે.

**(લેખક - સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

**મહાત્મા એવો ઉલ્લેખ કરે છે કે હિન્દુસ્તાનમાં જાતિ સંસ્થાનું મુળ એટલું ઊંડુ પેઠેલુ છે કે તેને ઉખેડવાના પ્રયત્નને બદલે તેમાં જ સુધારો કરવાનો પ્રયત્ન કરવો એ વધારે હિતકર છે**

# ઉદર સમાતા અન્ન લે, તન હી સમાતા ચીર, અધિક ન સંગ્રહ જો કરે, તાકા નામ ફકીર : સંત કબીર

- માતૃભાષા ગુજરાતીને હરદિલમાં ધડકતી અને ધબકતી રાખવા તથા મા ગરવી ગુર્જરીના સાહિત્યને જીવંત, મહેંકતું અને મધમધતું રાખવા; ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તેના કાર્યક્રમ 'સર્જકની કેફિયત' અંતર્ગત, હાસ્યલેખક અને 'અવળી ગંગા'ના કટાર લેખક - સાહિત્યકાર નિરંજન ત્રિવેદીનો સાહિત્યિક કાર્યક્રમ તા. ૨૦.૦૯.૨૦૧૫ ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે, સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ છે. તો આ કાર્યક્રમનો રસાસ્વાદ માણવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યશ્રીઓને આ સાહિત્ય મહેફિલમાં પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ છે.




- ગુજરાત સાહિત્ય અકાદમી દર વર્ષે ગુજરાતી ભાષાના એક સર્જકને તેમના સમગ્ર સર્જક પ્રદાનને ધ્યાને લઈને રૂા. એક લાખનો ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે, જે અન્વયે વર્ષ - ૨૦૧૫નો આ 'ગૌરવ પુરસ્કાર' ગુજરાતી ભાષાના જાણીતા કવિ સાહિત્યકાર વિનોદ જોશીને પૂ. શ્રી મોરારિ બાપુના વરદ્ હસ્તે માન. મંત્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષસ્થાને અને ગુ.સા. અ. ના અધ્યક્ષ ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં તા. ૧૩.૦૮.૨૦૧૫ ના રોજ અર્પણ કરવામાં આવેલ છે. જેઓને તેના 'પરંતુ' કવિતાસંગ્રહ - ૧૯૮૪ માટે કવિ જયંત પાઠક પારિતોષિક અને નિર્વશ - વિવેચન - ૧૯૯૪ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ પારિતોષિક અને ઝાલર વાગે જૂઠડી - કવિતા સંગ્રહ - ૧૯૮૬ માટે ક્રિટીક્સ એવોર્ડ અને ઉમાશંકર જોશી એવોર્ડ, ૧૯૮૯ એનાયત કરવામાં આવેલ હતા.
- ગુજરાત સાહિત્ય અકાદમીના 'વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર' દ્વારા - ગુજરાતી ગઝલ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર રાજેશ જયશંકર વ્યાસ 'મિસ્કીન' ની 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ-૨૦૧૪' માટે પસંદગી કરવામાં આવેલ છે. જેઓને 'છોડીને આવતું' કવિતા, ૨૦૦૫ માટે ગુજરાત સહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પારિતોષિકો અર્પણ થયાં હતા.
- આ ચાલુ વર્ષે 'ચાંદની'ના સંપાદક હર્ષની જન્મશતાબ્દીનું વર્ષ છે, આથી એમને અંજલિરુપે ડિસેમ્પર-૨૦૧૫માં 'મમતા વાર્તામાસિક' વાર્તાનો એક 'હર્ષ વિશેષાંક' પ્રગટ કરશે, જે અંકના આમંત્રિત સંપાદક, વાર્તાકાર રજનીકુમાર પંડ્યા રહેશે. અને અશોક હર્ષ સંપાદિત 'ચાંદની' ના કીર્તિમાન વાર્તાકારની વાર્તાઓ સમાવિષ્ટ થશે.
- સુરેન્દ્રનગર ખાતે, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ન્હાનાલાલ સાહિત્ય સભાના સહયોગથી તા. ૫.૦૮.૨૦૧૫ના રોજ કવિ સંમેલન : કાવ્ય સત્ર-૧૧ યોજવામાં આવ્યું હતું, જેમાં ડૉ. રમણીકલાલ છ. મારુ 'રાકેશ, ચંદ્રહાસ' લિખિત અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'ગુજરાતી ભાષાનું પિંગળ' ગ્રંથનું લોકાર્પણ અકાદમીના અધ્યક્ષ અને સર્જક ભાગ્યેશ જહાના વરદહસ્તે કરવામાં આવ્યું. અને ત્યારબાદ આ કાવ્યસત્રમાં સર્વ રાજેન્દ્ર શુક્લ, રમેશ આચાર્ય, ડૉ. રમણીકલાલ મારુ, ડૉ. એસ.એસ. રાહી, સોલિડ મહેતા, રાજ લખતરવી, ડૉ. જાતુષ જોષી, નરેન્દ્ર રાવલ, કિશોર વ્યાસ, વિરેન્દ્ર આચાર્ય, ગીતાંજલિ દવે, કવન આચાર્ય, ભાગ્યેશ જહા, હરિશ્ચંદ્ર જોષી અને કનૈયાલાલ ભટ્ટે પોતાની કૃતિઓ રજૂ કરી. આ કવિ સંમેલનનું સંચાલન ડૉ. મનોજ જોશી (રાજકોટ) દ્વારા કરવામાં આવ્યું હતું.




- ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા અમદાવાત ખાતે એક 'ઉર્દૂ મુશાયરો' - કાવ્ય સત્ર - ૧૨, તા. ૧૬.૦૮.૨૦૧૫ના રોજ યોજવામાં આવ્યો, જેમાં સર્વ ચીનુ મોદી, ખલીલ ધનતેજવી, મહોમદ અલવી, જયંત પરમાર, ગિરગીટ અહેમદાવાદી, મુસાફિર પાલનપુરી, પરવેઝ વારિસ તથા શબનમ અન્સારીએ પોતાની ગઝલો રજૂ કરી અને આ મુશાયરાનું સંચાલન ગુલામ નબીએ કર્યું હતું.

**બે 'મુક્તક' મણકા**

કુંજવનમાં બાજે બંસીના મધુરા સૂર,
ભ્રમર ભમતા સુગંધ કાજે ફૂલફૂલ મધૂર!
સખી નિરખો શ્યામને, નયને પ્રેમ ઉભરાય,
આકુળ-વ્યાકુળ રાધા, નયને જળધાર રેલાય!

●●●

બને તો તેમને કહેજો, ખુશ્બુ કાખમાં રાખે,
વાટમાં ગમે ત્યાં પરિમલ ફોરતી ન રાખે!
નેવામાં પાણી મોભે ન ચડે એટલું યાદ રાખે,
આંખોમાં સ્નેહની સરવાણી વરસતી રાખે!

- દધિ

**સંત-વચન**

સબ બન તો ચંદન નહીં, શૂરા કે દલ નાહિં
સબ સમુદ્ર મોતી નાહીં, યોં સાધું જગ માંહિં!

●●●

ઉદર સમાતા અન્ન લે, તન હી સમાતા ચીર,
અધિક ન સંગ્રહ જો કરે, તાકા નામ ફકીર

- સંત કબીર

- muljibhaidadhi@gmail.com